**<u>ફોજદારી કેસ નં. ૨૪૭ /૨૦૨૬, આંક–૧ લગત હુકમ</u>**

૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૩૦/૧૨ / ૨૦૨૫ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે માંજે ડાકોર ટ્રાફિક ચોકી બ્રીજ નીચે રોડ ઉપર વગર પાસ પરમીટનો દારૂ પી નશાની ચકચુર હાલતમાં હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ નં.GJ.07.CK.7577 ની ચલાવી લઈ આવી જાહેરમાંથી મળી આવી પકડાઈ જઈ, **એમ.વી.એક્ટ.કલમ–૧૮૫** તથા પ્રોહી. એક્ટ કલમ**–૬૬(૧)બી** મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે અને તે મતલબની ફરીયાદીની ફરીયાદ આધારે તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ચાર્જશીટ કરેલ છે.

૨) આજરોજ ચાર્જશીટ આવતા આરોપીઓ સામે સમન્સનો હુકમ થતાં આરોપીઓ જાતે કોર્ટ રૂબરૂ હાજર થયેલ હોય જેથી, આજ રોજ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમા આરોપીએ ગુન્હાની સ્વૈચ્છાપુર્વક કબુલાત કરેલ છે.

૩) તે ઉપરાંત આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે.આરોપીને તેઓની વિરુધ્ધના ગુન્હાની સજાની જોગવાઈની તથા તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેવી સમજ પણ કરવામાં આવેલ છે, છતાં આરોપી/આરોપીઓ ગુન્હો કબુલ કરવા માંગતા હોય આરોપીની ગુન્હાની કબુલાત પુરસીસ રેકર્ડ લેવાનો હુકમ કરવામાં આવેલ છે. સજાના મુદ્દે આરોપીને સાંભળ્યા. આરોપી પક્ષે રજુઆત કરેલ છે કે, તેમનો આ પ્રથમ ગુન્હો છે, ગરીબ માણસ છે, તેના કુટુંબની જવાબદારી તેઓની ઉપર છે અને ભવિષ્યમાં આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપી ઓછી સજા કરી રહેમ રાખવા જણાવેલ છે. આમ, આરોપીની મારી સમક્ષની સ્વેચ્છા પુર્વકની કબુલાતને આધારે, આરોપીની રજુઆત તથા કેસના સંજોગો અને ગુન્હાની ગંભીરતા તથા આરોપીના પ્રથમ ગુનાની હકીકત ધ્યાને રાખી ન્યાયના હિતમાં સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) સદર કામના આરોપી જીતેન્દ્રભાઈ ઈશ્વરભાઈ તળપદાને **એમ.વી.એકટ કલમ -૧૮૫** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦૦/-(અંકે રૂપીયા એક હજાર પુરા) નો દંડ તેમજ પ્રોહીબીશન એકટ **કલમ -૬૬(૧)બી** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/-(અંકે રૂપીયા એક સૌ પુરા) નો દંડ કરવામા આવે છે આમ,**કુલ રૂા.૧૧૦૦/- (અંકે રૂપીયા એક હજાર એકસૌ પુરા)** નો દંડ કરવામા આવે છે અને જો દંડ ન ભરે તો તેને **દિન -૧૦** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ નં.GJ.07.CK.7577 નો જો વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે કાયમી કરવામા આવે છે તેમજ જો કોઈ હુકમ કરવામા આવેલ ન હોય તો માલીકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
ડાકોર.

**( નરેન્દ્ર કુમાર જોષી )**
જયુ.મેજી.ફ.ક., ડાકોર.
જીજે૦૧૪૫૪